

# આંખ આ ધન્ય છે!

નરેન્દ્ર મોદી


મારા ગુજરાતને પ્રેમ કરે તે મારો આત્મા !



# આંખ આ ધન્ય છે

નરેન્દ્ર મોદી

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ • અમદાવાદ



**AANKH AA DHANYA CHHE**

Poems by Narendra Modi

© નરેન્દ્ર મોદી, ૨૦૦૭

પ્રકાશક:

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

૧૯૯/૧ ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન: ૨૨૦૦ ૨૬૯૧, ફેક્સ: ૨૨૦૦ ૧૩૫૮

૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: ૨૬૫૬ ૦૫૦૪, ફેક્સ: ૨૬૪૪ ૨૮૩૬

e-mail: info@imagepublications.com
visit us on: http://www.imagepublications.com

પ્રથમ આવૃત્તિ:
૭ એપ્રિલ, ૨૦૦૭

મૂલ્ય:
રૂ. ૫૦૦-૦૦

ISBN: 81-7997-234-8


ડિઝાઇન:
અપૂર્વ આશર • apurva@ashar.biz

ફોટોગ્રાફ્સ:
વિવેક દેસાઈ • vivek_312000@yahoo.com

મુદ્રણ:
રાજકલ્પ મુદ્રણાલય પ્રા. લિ. • info@rajkalp.com

બાઇન્ડિંગ:
સુરેશ કદરેકર

મા સરસ્વતીની
સાધનાના
ઉત્તમ પુષ્પ સમી
મારી
માતૃભાષાને...



# મનોગત

હું સાહિત્યકાર કે કવિ નથી.
વધુમાં વધુ મારી ઓળખ
સરસ્વતીના ઉપાસકની હોઈ શકે.
ઘણા લાંબા સમયથી ટપકાવેલું – ટાંકેલું
વેરણછેરણ પડેલું સઘળું સંકલિત થતાં
નાનકડા પુસ્તકરૂપે અવતાર પામતો
આ સંગ્રહ આપના હાથમાં મૂકું છું.
મારી વિનંતી છે:
પુસ્તકમાં મારા પદને ન જોતાં,
કાવ્યના **પદ**ને જ માણજો.

મારા ભાવવિશ્વની
ઊઘડતી નાનકડી બારીમાંથી
જગતને જેવું જોયું, જેવું અનુભવ્યું,
જેવું જાણ્યું, જેવું માણ્યું
તેના પર અક્ષરનો અભિષેક છે.
મારું ચિંતન, મનન કે અભિવ્યક્તિ
મૌલિક હોવાનો મારો દાવો નથી.
વાંચેલા, સાંભળેલા–ના છાયા-પડછાયાથી પણ
તે મુક્ત ન હોઈ શકે.
મારી રચનાઓ ક્યારેય
જાહેરમાં કસોટીએ કસાયેલ નથી.
તેથી તેની ઊણપો તરફ પણ
મારું ધ્યાન ગયું નથી.
બધી રચનાઓ પાકટ જ હોય એવું ન પણ બને...
પરંતુ ક્યારેક કાચી કેરીનો
આસ્વાદ પણ અલગ સ્વાદ
આપી જતો હોય તેમ બને.

ગુજરાતના અનેક સાહિત્યમોભીઓને માણ્યા છે.
ગુજરાતની સાહિત્યયાત્રાના એક *માઝી* – મોજી
શ્રી સુરેશભાઈ દલાલ સાથેની સાહિત્યચર્ચામાં
મારા અંદર પડેલી કવિતાને તેઓ પારખી ગયા.
તેમના સ્નેહને કારણે મારા ભાવવિશ્વને
મેં તેમની સામે ખોલ્યું... ખોલાઈ ગયું...
તેમનો આગ્રહ રહ્યો કે મારું ભાવવિશ્વ
મારી અંગત મૂડી ભલે હોય પણ
આપણે ગુજરાતી માણસ –
મૂડી પડી રહે ન પાલવે
અને તેમાંથી મારી વેર-વિખેર રચનાઓએ
સંસારનો માળો બાંધવાનું આરંભ્યું.
બધું ભેગું કરતાં કરતાં
માળો ખાસ્સો મોટો થઈ ગયો.
શ્રી સુરેશભાઈએ સમય કાઢી
તેમાંથી કેટલીક કવિતાઓ તારવી કાઢી,
અને એક સ્થપતિની જેમ
માળો બાંધવામાં ખાસ્સી મદદ કરી.
મારી રચનાઓનો આ માળો
આપને નિમંત્રે છે...
પળ બે પળ વિસામો લેવા પધારો.
મારા આ માળામાં આપનું ભાવજગત ભળે
અને ઊર્મિઓ લહેરાય.

કવિતાની સાથે
પ્રકૃતિયાત્રાની કલ્પના શ્રી સુરેશભાઈએ આપી.
મને ગમી, આપને પણ ગમશે જ...

૨૦-૩-૨૦૦૭,
વર્ષ પ્રતિપદા



# ક્રમ


ધન્ય • ૧૦~૧૧

અચાનક • ૧૨~૧૩

અમે • ૧૪~૧૫

આક્રંદ • ૧૬~૧૭

આખું વિશ્વ • ૧૮~૧૯

આજ • ૨૦~૨૧

આપણે • ૨૨~૨૩

આફત • ૨૪~૨૫

આશ • ૨૬~૨૭

ઉષ્માનો અભાવ • ૨૮~૨૯

ઊઠો લાલ! વિજય વધાવો • ૩૦~૩૧

ઊઠો વીર • ૩૨~૩૩

એકાદું આંસુ • ૩૪~૩૫

એવા માણસ • ૩૬~૩૭

ઓચ્છવ • ૩૮~૩૯

કારગિલ • ૪૦~૪૧

ક્રિયાપદ • ૪૨

ખુમારી • ૪૩

ગતિનું ગીત • ૪૪~૪૫

ગરબો • ૪૬~૪૭

ગીતમાં • ૪૮

ગુલછડી • ૪૯

ગૌરવ • ૫૦

છોડો • ૫૧

જાણ્યું નથી • ૫૨~૫૩

છત્તરછાયા • ૫૪~૫૫

ટહુકે વસંત • ૫૬

તમને મુબારક • ૫૭

તસવીરની પાર • ૫૮

દશ્ય • ૫૯

દેહનું કામ દેહ કરે • ૬૦~૬૧

નર્મદા • ૬૨~૬૩

નિખાલસ • ૬૪~૬૫

પડકાર • ૬૬~૬૭

પતંગિયું • ૬૮~૬૯

પરિચય • ૭૦~૭૧

પારદર્શક • ૭૨~૭૩

પ્રતીક્ષા • ૭૪~૭૫

પ્રભુ-કૃપા • ૭૬~૭૭

પ્રયાસ • ૭૮~૭૯

પ્રાર્થના • ૮૦~૮૧

પ્રેમ • ૮૨~૮૩

મથામણ • ૮૪~૮૫

મધરાતે • ૮૬~૮૭

મનડું મારું • ૮૮~૮૯

મન મૂકીને સમાઈ જજો • ૯૦~૯૧

મંત્ર • ૯૨~૯૩

માડી મને દૈવત દેજે • ૯૪~૯૫

માયા • ૯૬~૯૭

મેળામાં મળવા દો • ૯૮~૯૯

યાત્રા • ૧૦૦~૧૦૧

રહસ્ય • ૧૦૨

રમેશ પારેખ • ૧૦૩

લક્ષ્યને પામવા • ૧૦૪~૧૦૫

વંદે માતરમ્ • ૧૦૬~૧૦૭

વિષમ અને વિચિત્ર • ૧૦૮~૧૦૯

વિસ્મયનું પરોઢ • ૧૧૦~૧૧૧

વ્યથાને વહેવા દેજો • ૧૧૨~૧૧૩

શબ્દો • ૧૧૪~૧૧૫

સનાતન મોસમ • ૧૧૬~૧૧૭

સપનાંનાં બીજ • ૧૧૮

સમન્વય • ૧૧૯

સાગર-ખેડુ • ૧૨૦~૧૨૧

સંકલ્પ • ૧૨૨~૧૨૩

સ્મરણ • ૧૨૪~૧૨૫

હિંદુ હિંદુ મંત્ર • ૧૨૬~૧૨૭

અગિયારમી દિશા • ૧૨૮~૧૨૯






# ધન્ય

પૃથ્વી આ રમ્ય છે.
આંખ આ ધન્ય છે.

લીલાછમ ઘાસ પર તડકો ઢોળાય અહીં.
તડકાને કેમે કરી ઝાલ્યો ઝિલાય નહીં.
વ્યોમ તો ભવ્ય છે.
ને પૃથ્વી આ રમ્ય છે.

આભમાં મેઘધનુષ મ્હોરતું, ફોરતું.
હવામાં રંગનાં વર્તુળો દોરતું.
કિયા ભવનું પુણ્ય છે?!
જિંદગી ધન્ય છે, ધન્ય છે.

સમુદ્ર આ ઊછળે સાવ ઊંચે આભમાં.
કોણ જાણે શું ભર્યું છે વાદળોના ગાભમાં!
સભર આ શૂન્ય છે.
પૃથ્વી આ રમ્ય છે.

માનવીના મેળા સાથે મેળ આ મળતો રહ્યો.
ને અન્યના સંગાથમાં હું મને કળતો રહ્યો.
આ બધું અનન્ય છે.
ને કૈંક તો અગમ્ય છે.

ધન્ય ધન્ય ધન્ય છે.
પૃથ્વી મારી રમ્ય છે.

# અચાનક

અંધકારના કાળા કાગળ પર
હું ચીતરું છું એક સરોવર.
સરોવર પર ઝૂકે છે એક ડાળી
ભમરાનો ગુંજારવ લઈને.

ઘેરા અંધકારને હળવો કરવા
હું ચીતરું છું એક ચંદ્ર.
હવાને આપું છું ભૂરો ભૂરો રંગ
સરોવરના શાંત જળ જેવો.
અચાનક વૈશાખનો બપ્પોરી સૂરજ
કાગળને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે
અને મારા હાથમાં
થીજી જાય છે પીંછી –

મેડકનો ચિત્કાર
મોસમનાં સપનાં
સપનાંની મોસમ
સઘળું બાષ્પીભવન.



# અમે

અમે જિંદગીના જિગરી યાર છીએ.
અમે છાકમછલ્લો પ્યાર છીએ.

કોઈ રોકે નહીં, કોઈ ટોકે નહીં:
અમે મનગમતો દરબાર છીએ.

અમે મનફાવે તો ઊડીએ છીએ
કે દરિયામાં જઈ ડૂબીએ છીએ;

અમે પ્હાડ ઉપરના સૂરજ થઈને
મધરાતે પણ ઊગીએ છીએ.

કોઈ છોછ નથી, સંકોચ નથી:
અમે વહાલ તણી વણજાર છીએ.

શાણાઓ અમને પાગલ કહે છે:
એ સાચા છે! અમે ખોટા નથી.

એક વિશાળ દરિયો ઊછળે છે:
અમે ફૂટીએ એ પરપોટા નથી.

અમને ક્યાં કોઈ કાંઠો છે:
અમે દરિયાની મઝધાર છીએ.



# આક્રંદ

તારા વિશે જાણ્યું
અને મારા મનના હિમાલયને
દવ લાગ્યો.
તને જોયો અને
મારી આંખમાં
ચાંદ ઊગ્યો,
મારી અંદર
સુખડનું
ઝાડ મ્હોર્યું.
તું મળ્યો અને
મારે રૂંવેરૂંવે
સુગંધના પહાડ
ખડકાઈ ગયા.

પણ હાય....!
આ પહાડ
ઓગળી રહ્યા છે
સુખડની સોડમ મને
દઝાડી રહી છે
અને રાખ થઈ છે
સપનાંની સોગાત.
દૂર કિનારે
મારી આંખનો ચાંદ
ક્ષિતિજે જઈ બેઠો છે;
તારા વિના મારી
નાવને કિનારે લઈ જાય
એવો સુકાની ક્યારે મળશે?




96

## આખું વિશ્વ

ગઈ કાલના રસ્તાનો આવી ગયો અંત.
એની ધાર પર ઊગ્યું છે
આજની સવારનું વૃક્ષ.
હવાની ડાળી પર ઝૂલે છે
કિરણનાં ફૂલ.
કોઈ મનગમતી ભૂલ કરતું હોય એમ
પંખી નિરાંતને જીવે ગાય છે.

હું ખોલી નાખું છું તમામ બારી.
અસ્તિત્વ આટલું રૂપાળું ક્યારેય નથી લાગ્યું.
હું મારા શરીરને, મનને, હૃદયને
પ્રભુપ્રસાદ જ જાણું
અને આખું વિશ્વ જાણે કે
મારી બાથમાં સમાઈ જાય છે.

## આજ

આ હતું તે હતું,
આમ હતું, તેમ હતું,
અહીં હતું, ત્યાં હતું –
અહીં હતાની
હતા-હતાની મનમાં હવા
ખંડેરોમાં ખોરડાં વૈભવનાં
ને
ગલીઓમાં
કેમ અટવાયા કરીએ છીએ આપણે
પડછાયાના પ્રેતની જેમ?

ભૂતકાળ જાણે
ભૂત-પ્રેતની છાયા
લઈને
ભટકતો ઇતિહાસનો
આત્મા.
આત્મા
અમર છે...
અમરત્વને પણ
જોઈએ છે
વર્તમાનનો
દેહ.

આવતી કાલે
અમર થવા માટે
ગઈ કાલની આટલી બધી
માયા રાખીને
આજને
આંખ સામે દગો દઈને
જીવવાનો અર્થ ખરો?





## આપણે

સમીસાંજની વેળાઃ આપણે રમતારામ અકેલા.
મારા આ તનમનમાં ઊભરે તરણેતરના મેળા.

કોઈ પાસે નહીં લેવુંદેવુંઃ કદી હોય નહીં મારું-તારું,
આ દુનિયામાં જે કૈં છે તે મનગમતું મઝિયારું.

રસ્તો મારો સીધોસાદોઃ નહીં ભીડઃ નહીં ઠેલમઠેલા
સમીસાંજની વેળાઃ આપણે રમતારામ અકેલા.

કોઈ પંથ નહીંઃ નહીં સંપ્રદાયઃ માણસ એ તો માણસ,
અજવાળામાં ફરક પડે શું? કોડિયું હોય કે ફાનસ.

ઝળાંઝળાં ઝુમ્મરની જેવાં ક્યારેય નહીં લટકેલા
સમીસાંજની વેળાઃ આપણે રમતારામ અકેલા.

## આફ્ત

સોળ વર્ષની રૂપાળી કન્યા જેવી નદી
આજે વીફરીને વાઘણ થઈ ગઈ છે.
વર્ષાને કારણે એ છકીને છાકટી થઈ ગઈ છે.
નથી કોઈની લાજ કે શરમ.
એ પોતા પરનો કાબૂ ગુમાવીને
પાગલ સ્ત્રીની જેમ એલફેલ વર્તે છે.
એને પોતાને પણ કદાચ ખ્યાલ નહીં હોય
કે પોતાનું જળ આટલું નઠોર-કઠોર હોઈ શકે.

ડુબાડે છે ગામોનાં ગામ, તરે છે
કેટલાંયની લાશ. કેટલાંયના ડૂબ્યા શ્વાસ,
અંતિમ ચીસ, અસહાયતા... જળમાં જળ થઈને
વહી રહી છે. વિનાશ વેરતી પ્રકૃતિ
આપણને વિકૃત પરિચય આપે છે.
જળના જીવલેણ ઝનૂનનો.







## આશ

અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.
માનાં અંધારાં ઉલેચ્યાં.
અજવાળાની આભા લઈને અંધારાં ઉલેચ્યાં.
માનાં અંધારાં ઉલેચ્યાં.

કાલચક્રની વીંધી કાલિમા
ઉજાસને અવ નહીં કોઈ સીમા.
જ્યોતિ આજે પ્રગટી ઊઠી
જાણે નવ-રંગી પરવાળાં.
અજવાળાં અજવાળાં.
આજે અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.

ગતિ એક ને મતિ એક
ને પ્રગતિનો પણ પંથ એક છે.
અચળ ટેક ને અચળ નેક
ને જીવનભરનો ભેખ એક છે.
કુસંપના તો કાયમ માટે વાસી દીધાં છે તાળાં.
અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.

યશ-કીર્તિની કોઈ તમા નહીં
કોઈ ગમા કે અણગમા નહીં,
હૈયામાં તો સદા ક્ષમા રહી
હૃદયને રામ તણાં રખવાળાં.
અજવાળા અજવાળા.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.



# ઉષ્માનો અભાવ

હૂંફ વિના તો માણસ જેવો માણસ અહીંયાં હાંફે છે.
માણસ જેવો માણસ શાને એકબીજાને શાપે છે?

જળની ઉષ્મા વિના અહીંયાં ઝાડ, પાન ને છોડ સુકાય
પાનખરના વૃક્ષે બેસીને કોયલ ક્યાંથી પંચમ ગાય?

માણસ માણસને થાપીને શાને પછી ઉથાપે છે.
હૂંફ વિના તો માણસ જેવો માણસ અહીંયાં હાંફે છે.

પ્રેમ વિનાનો માણસ પંગુ ઓશિયાળો થઈ જીવે છે,
અભાવનો એક દોરો લઈને પળને પળથી સીવે છે.

સ્મિતની છાની છૂરી લઈને માણસ આંસુને કાપે છે.
હૂંફ વિના તો માણસ જેવો માણસ અહીંયાં હાંફે છે.

# ઊઠો લાલ! વિજય વધાવો

વસુધાની છે વસમી વેળા
માનવ સઘળા થઈ જાવ ભેળા
આજે વિજય વધાવો.
આવો, આજે વિજય વધાવો.
વેરઝેરને દાટી દઈને
મહેક ભરેલી માટી થઈને
ઊઠો, જાગો, દોડો, દોડો
એકમેકની સાથે રહેજો
રહેશો નહીં અકેલા.
વસુધાની છે વસમી વેળા.



પીડિત માનવ, આર્દ્ર જીવન
મનથી વાળીને પદ્માસન
સમાજનો ચહેરો નોખો છે પણ
નથી અનોખો
આપણે ભીતર ભરેલા.
વસુધાની છે વસમી વેળા.

ધરો ધરાની ધૂળ લલાટે
નહીં બેસો હિંડોળાખાટે
ચલો ચલો કોઈ નવલી વાટે
સ્વપ્નો કંઈક સજેલાં.
વસુધાની છે વસમી વેળા.

માટીપગાનું કામ નહીં અહીં
વીર સપૂતનું ધામ રહ્યું અહીં
ગગનભેદી જયકારની સાથે
તરણેતરના મેળા.
વસુધાની છે વસમી વેળા.



# ઊઠો વીર

નીંદરની ચાદર ઓઢીને
સૂતાં રહ્યાં શરીર.
વીર તમે ઊઠો જાગો
કે ઝળકી રહે ખમીર.
આસમાની આગની
ધગધગતી એ ઝાળ લાવ્યો છે....
ભાલો ભોંકાય એવાં કિરણોને
ઢાલ થઈ પડકારો.

દેવી કામાખ્યાના –
એના ચિત્કારોને કાન ભરીને સુણો
એ પહેલાં જાગો તો, કંઈક કર્યું કહેવાય
તે પૂર્વે ઊઠો...
રુક્મિણીનું રુદન સાંભળી
દ્વારિકાના નાથ થઈને દોડો,
આપણી પાસે સમય રહ્યો છે થોડો
સુદર્શનનું ચક્ર લઈને દોડો.
હવે ના વાંસળી થઈને વાગો.
વીર હવે તો જાગો.
ને વાણી ચીંથરેહાલ થાય
એ પહેલાં દોડો ને જાગો
કે માનવતાને ક્યાંય કદી નહીં
લાગે કોઈ ડાઘો.




સ્વપ્ન...
આગની રાખમાં
રોળાયાં છે...
આંધળા રાહદારીઓથી
મતપેટી મોતપેટી બની છે
મત નહીં માથાં ધર્યાં છે.
હિમાલયની કૂખને દવ લાગ્યો છે...
આ દવને ઠારવા માટે દોડો
ને ઈશ્વરકૃપા માંગો.

વીર હવે તો જાગો.
આસામ કાંપી રહ્યું છે
વધ થતાં બાળુડાંના ચિત્કારથી...
નિઃસહાય બની પડી છે સપ્તભગિની.
ચિતા પર સળગતી
ઊઠો... વીર અને ધીર...

આસામ જ નહીં
દેશની કાલ સળગી છે.
ઊઠો વીર ને ધીર
કાયરતા કોઠે પડી જાય
તે પૂર્વે ઊઠો...
વીર હવે તો જાગો!





# એકાદું આંસુ

સંબંધો આવે આવે ને વહી જાય.
આંખમાં એકાદું આંસુ રહી જાય.

થીજેલાં આંસુમાં પથ્થરનો ભાર છે,
ખૂણે સિતાર, એના તૂટેલા તાર છે.
લ્હેરખી લૂ થઈને સળગે ને ક્યાંય નહીં જાય.
આંખમાં એકાદું આંસુ રહી જાય.

જાળવશું ક્યાં લગી કટકાઓ કાચના?
ઝંખના, ઝુરાપો કે હોય નહીં યાચના.
વ્હેતા જળમાં તો સહી નહીં થાય.
આંખમાં એકાદું આંસુ રહી જાય.

શીતળ સંબંધ મને કાળઝાળ લાગતા,
ફૂલના પંથ ઉપર કાંટાઓ વાગતા.
વિજન આ વનમાં હવે કોઈ નહીં ગાય.
આંખમાં એકાદું આંસુ રહી જાય.

# એવા માણસ

બોલવાનું હોય ત્યાં બોલે નહીં ને નહીં બોલવાનું બોલે.
એવા માણસ હોય સદાયે તણખલાંની તોલે.

અવાજની આંખો ઊંચકો
ને કહેવાનું હોય તે કહી દિયો,
ભેદી મૌનના આડંબરને
ઊના ઊના ડામ દિયો.
કદી આપણે બેસવાનું નહીં ખુશામતને ખોળે.
બોલવાનું હોય ત્યાં બોલે નહીં ને નહીં બોલવાનું બોલે.

કોઈની નિંદા સાંભળવી
ને ચૂપ રહેવું એ પાપ છે,
સાચું બોલી કબૂલ કરે
એના સઘળા ગુના માફ છે.
પવનલહરમાં વૃક્ષની ઇજ્જત મસ્ત થઈને ડોલે.
અનાદિ કાળથી પ્રકૃતિમાં કોઈ નહીં ખોટું બોલે.



# ઓચ્છવ




પતંગ...
    મારે માટે ઊર્ધ્વગતિનો ઓચ્છવ.
    મારું સૂર્ય તરફનું પ્રયાણ.

પતંગ...
    મારો ભવભવનો વૈભવ.
    મારી જ દોર મારા હાથમાં
    પૃથ્વી પર આ પગ
    ને આકાશમાં
    કોઈ વિહંગ હોય એવો
        મારો પતંગ...

અનેક પતંગોની વચ્ચે પણ
મારો પતંગ અટવાતો નથી
કોઈ વૃક્ષની ડાળીઓમાં
ક્યાંય ભેરવાતો નથી.



પતંગ –

– જાણે કે મારો ગાયત્રીમંત્ર.
શ્રીમંત હોય, ધીમંત હોય
કે રંક હોય –
બધાને જ 'કટી પતંગ'
ભેગા કરવાનો આનંદ.
આ આનંદ પણ નોખો–અનોખો.
કપાયેલા પતંગ પાસે
આકાશનો અનુભવ છે,
હવાની દિશાની ગતિનું જ્ઞાન છે,
પોતે એક વાર ઊંચે ગયો ને ત્યાં થોડુંક રહ્યો
એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

પતંગ....

મારું સૂર્ય તરફનું પ્રયાણ.
પતંગનો જીવ દોરમાં
પતંગનો શિવ વ્યોમમાં
પતંગનો દોર મારા હાથ
મારો દોર શિવજીના હાથ
પતંગ કાજે પવનવાટ
શિવજી બેઠા હિમઘાટ
પતંગનાં સપનાં માનવથી ઊંચાં અદકાં
પતંગ ઊડે શિવજીને ખોળે
માનવ ભોંય બેઠો ગૂંચ ઉકેલે.

## કારગિલ

કારગિલ
પહેલાં પણ ગયો હતો;
ટાઇગર હિલ
પહેલાં પણ જોયો હતો
ત્યારે
રાજાધિરાજના
શ્વેત મૌનને
જીવ ભરીને જોયું હતું.
આજે
દરેક ટોચ
ગર્જતી હતી
બૉમ્બ, બંદૂકની ગુંજથી.
બરફની શિલાઓ પર
ધધખતા અંગારા જેવા
સેનાના જવાનો જોયા.
અહીં,
દરેક જવાન
કિસાન હતો
જે પોતાની
આજને વાવી રહ્યો હતો
એને રક્તથી સીંચી રહ્યો હતો.
જેથી આપણી
કાલ
મૂરઝાઈ ન જાય.

દરેક જવાનની આંખમાં
ઊમટતા
સો કરોડ સપનાં જોયાં
પોતાની આંખની પાંપણથી
મોતને જકડી લેનાર
વીર જોયા
અને યમરાજને,
એ વીરોના ચરણ ચૂમતા
જોયા હતા.
ધખધખતા અંગાર જેવા
વીર જવાનના
ગરમ શ્વાસોથી
પીગળતો બરફ
ઝરણું બની
વહેતો હતો
ઝરણાંની ગતિમાં
સમાયેલા
સુજલામ્,
સુફલામ્,
ભારતનો ભાવ
અને ઝરણાંની
કૂખથી
ફૂટતું હતું
વંદે માતરમ્‌નું ગાન.





## ક્રિયાપદ

મારી આસપાસ
દોરો એક શબ્દનું વર્તુળ.
પછી એ વર્તુળને ચોરસ કરો.
એ વર્તુળ–ચોરસમાં
મૂકો રંગબેરંગી લખોટી જેવા
શબ્દો –
શબ્દો લિસ્સી લખોટી જેવા.

કાચના શબ્દો:
સાચના શબ્દો: આંસુ જેવા
કે પૂર્ણવિરામ જેવા.

વિશેષણોની આસપાસ
મૂકો લક્ષ્મણરેખા
રાખો મર્યાદા રામની
નામની આસપાસ રમ્યા કરો
શૂન-ચોકડીની રમત.

અને ક્રિયાપદને મૂકો કેન્દ્રમાં,
પછી દોરો
એક અનંત વર્તુળ.



## ખુમારી

‘જૂઠ બોલે કૌઆ કાટે’
માટે આપણે સત્ય બોલવું જરૂરી છે?
સત્ય તો આપણી ખુમારી છે
મજબૂરી નથી.

સત્ય નહીં બોલીએ
તો કોયલના ટહુકાને
મરેલી માછલીની જેમ
કાગડો ચાંચ મારી મારીને ચૂંથી નાખશે.

અફવાઓ પર નભતા સમાચારો
સવારના પ્હોરમાં ઊગે છે કાળા સૂર્યની જેમ.


સત્યથી સત્યાગ્રહ સુધીની
આપણી યાત્રામાં
આપણને મળે છે
પગ વિના ચાલતા
પ્રવાસીના ઓળાઓ
કેવળ ટોળાંઓ.

# ગતિનું ગીત

ગોધણની ધૂળ
સાંજના સૂર્યના શ્વાસને ક્યાં સુધી રૂંધશે?
સૂર્યના તીણા શ્વાસ
શિયાળાની સવારને ક્યાં સુધી કરડશે?
બપોરનો સૂરજ
કાળીડિબાંગ સડકને ક્યાં સુધી પીંખશે?
હવે તો ખમૈયા કરો....

મારા સૂકાભઠ્ઠ ખેતરમાં
સાંઠા ઉગાડવાનું બંધ કરો.
કો'કના કૂણા માખણ જેવા પગમાંથી
આ સાંઠા લોહી ચૂસતા થાય
તે પહેલાં બંધ કરો.

મારે પનિહારીના
ઘડૂલા પરથી પરાવૃત્ત થતા કિરણનું
ગીત ગાવું છે.
ખરા બપોરે પસીનો પાડતા
શ્રમિકના પ્રસ્વેદબિંદુને ચમકાવતા કિરણનું
મારે ગીત ગાવું છે.
મારે છૂટી પાડવી છે
કૂણા માખણ જેવા પગે ચાલતા
બાળૂડાથી ઊડતી રજકણને
ગોધણની ધૂળથી.




મારે એ રજકણનું
આલબમ બનાવવું છે.
મારે ગતિનું ચિત્ર દોરવું છે
પ્રગતિનું રૂપ બનાવવું છે
એ ચિત્રના રંગમાં રૂપમાં
ડાઘ છે.

એ ડાઘ
ગતિ પ્રગતિનું વરવું રૂપ જ છે ને?
એ બીજુ કશું નહીં
આપણે ઉગાડેલા
સૂકાભઠ્ઠ સાંઠાનું પરાક્રમ છે.
કૂણા માખણ જેવા પગે
ઉડાડેલી રજકણ
એના જ લોહીથી ખરડાયેલી છે
અને માટે જ ડાઘ છે.

આપણી ગતિ, પ્રગતિની
આ જ તો નિશાની છે.
હવે...
આ ડાઘને રૂપમાં ખપાવવાનું બંધ કરો
મારે તો મધ્યાહ્નને તપતા સૂરજનું
ગીત ગાવું છે.
એ જ બાળૂડામાં તેજનું નિરૂપણ કરીને
તમે રાહ જુઓ

હવે પછીના આલબમમાં ડાઘ નહીં હોય
પણ હાય...
તે પહેલાં તો કેટલાંયે
બાળૂડાનાં ઊનાં ઊનાં લોહી
આ સાંઠાઓને બાળવા
માટે વહ્યાં હશે!!

માટે જ કહું છું
સાંઠા ઉગાડવાનું બંધ કરો!
મારે ગતિ, પ્રગતિનું
ગીત ગાવું છે.





# ગરબો

ગાય તેનો ગરબો ને ઝીલે તેનો ગરબો:
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.

ઘૂમે તેનો ગરબો તો ઝૂમે તેનો ગરબો:
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.

સૂર્યચંદ્ર ગરબો ને ઋતુઓ પણ ગરબો:
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.

દિવસ પણ ગરબો ને રાત પણ ગરબો:
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.

સંસ્કૃતિ ગરબો ને પ્રકૃતિ ગરબો
વાંસળી છે ગરબો, મોરપીંછ ગરબો.

ગરબો મતિ છે, ગરબો સહમતિ
વીરનોય ગરબો, અમીરનોય ગરબો.

કાયા પણ ગરબો ને જીવ પણ ગરબો:
ગરબો જીવનની હળવી નિરાંત છે.

ગરબો સતી છે ને ગરબો ગતિ છે.
ગરબો નારીની ફૂલની બિછાત છે.

ગરબો સત છે ને ગરબો અક્ષત છે:
ગરબો માતાજીનું કંકુ રળિયાત છે.



## ગીતમાં

પંખીના પીંછામાં આવેલું ગીત
કે ગીતમાં કોયલ ને બુલબુલ પણ બોલે.
એની એક પાંખમાં ધરતીનો જીવ છે
ને બીજી પાંખ આકાશને તોલે.

મારા કાગળ પર સૂરજને ચીતરું
ને ચીતરું છું પૂનમનો ચાંદ,
મારા આ કાગળ પર મ્હોરે છે વૃક્ષ
અને વૃક્ષ પર લીલુંછમ પાંદ.
સ્વજનની સ્મૃતિ જેમ મૂક્યા ખડક
એને ઝરણું ભીનાશથી ઢંઢોળે.

એક બાજુ રણ અને બીજી બાજુ દરિયા
ને ત્રીજી બાજુ નદીઓની લિપિ,
કંઠમાં તો એવી એક પ્યાસ છે પરમની
કે જે છીપે છતાંય નહીં છીપી.
આંખોમાં આકાશને ઊંચકીને ચાલું
પણ બેઠો છું ધરતીને ખોળે.

# ગુલછડી

ઊંડી, ભૂંડી ખાઈ પડી છે!
માણસ ને માણસની કેવી અફરાતફરી ઘડી ઘડી છે?!

મારે તો સેતુ બનવું છે
હેત તણા હેતુ બનવું છે.
માણસમાં જો મેળ પડે તો અજબગજબની અનંત ઘડી છે.

ઉકરડામાં આળોટવાનો અર્થ નથી રે
ગુલાબ થઈને ઊગવાનું અહીં વ્યર્થ નથી રે.
આવળબાવળ દૂર થયા ને અમને એક ગુલછડી જડી છે!




## ગૌરવ

મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.
પળ પળ એવું અનુભવું કે વિશાળ, વિરાટ હું સિન્ધુ છું.

કોઈની નહીં હું કરું બાદબાકી
કરું સર્વનો સરવાળો,
માણસમાત્રનો સહવાસ ગમે છે
લગનીભર્યો હૂંફાળો.
નર્મદાનાં નીર રક્તમાંઃ ફૂલ પર ઝાકળબિન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.

આંખ ભલે નાની લાગે
પણ દૃષ્ટિ હોય વિશાળ,
સંપ્રદાયની શેરી નહીં
પણ વિધવિધ હોય નિશાળ.
સૂર્ય, વાદળ, ગ્રહ, નક્ષત્રો, મારા આભમાં ઇન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.



## છોડો

કાયા છોડો, માયા છોડો
વસ્તુ ને પડછાયા છોડો.
કિલ્લો તોડો, પિંજર તોડો
સપનાંઓ સુંવાળાં છોડો.

રાત રઝળતી, રાત રખડતી
રાત બબડતી સાવ અકેલી.
વાણી છોડો, અર્થો છોડો
ભ્રમણાના પણ પાયા તોડો.

કોઈ નથી તો ભલે નથી
ને કોઈ છે તો નથી નથી.
મથી-મથીની છોડ મથામણ:
નથીના પંથને હળવે ઓઢો.


## જાણ્યું નથી

આ સૂર્ય મને ગમે છે.
પોતાના સાતેસાત અશ્વની લગામ
હાથમાં રાખે છે,
પણ એણે કોઈ પણ અશ્વને
ચાબુક મારી હોય
એવું જાણ્યું નથી.

અને છતાંય
સૂર્યની મતિ
સૂર્યની ગતિ
સૂર્યની દિશા
સઘળું હેમખેમ.
કેવળ પ્રેમ.








## છત્તરછાયા

સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.
સફળ-નિષ્ફળની પાર થઈને ત્રીજે કિનારે ઊભો માત્ર.

કોઠે પડે નહીં કાયરતા
ને પામરતાની શાને પરવા?
જીવન પૂર્ણપણે જીવીને
હું ઝંખું છું મરવા.
ઈશ્વરની છત્તરછાયામાં રોજ શીખું છું: હું તો છાત્ર.
સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.



નિંદાનો આ ખારો દરિયો
સ્તુતિની મધ-મીઠી વાણી,
બન્ને નકામી છાવણીઓ છે
આપણે રાખવી અકબંધ કહાણી.
પ્રાર્થું એટલું યુદ્ધભૂમિ પર કંપે નહીં મારાં ગાત્ર.
સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.


## ટહુકે વસંત

અંતમાં આરંભ અને આરંભમાં અંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

સોળ વરસની વય, ક્યાંક કોયલનો લય,
કેસૂડાંનો કોના પર ઊછળે પ્રણય?
ભલે લાગે છે રંક પણ ભીતર શ્રીમંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રકટે દીવા.
આશીર્વાદ આપવા આવે છે સંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.





# તમને મુબારક

જળને તમે પથ્થર કહેતા હો
કે પથ્થરને જળ
કે વાદળને આકાશના સળ કહેતા હો
કે કમળને તમે બાવળ કહેતા હો
તો એથી કોઈને કશો ફરક પડતો નથી.

તમે અફવાને સત્ય કહી શકો છો
અને દિવસને રાત કહી શકો છો
વસંતને પાનખર કહી શકો છો
અને દરિયાને રણ
કે જીવનને મરણ કહી શકો છો.

આ બધો તમારો વાણીનો વ્યભિચાર
તમને મુબારક.
પ્રકૃતિ તો હોય છે એવી ને એવી
સ્વસ્થ અને તટસ્થ.



## તસવીરની પાર


હું મારી તસવીરમાં છું અને નથી
હું મારા પોસ્ટરમાં છું અને નથી
આમાં કોઈ વિરોધ
કે નથી વિરોધાભાસ.

તસવીર આત્મા જેવી નથી
એ તો પાણીથી ભીંજાય
ને અગ્નિથી બળે.
એ ભીંજાય કે બળે ત્યારે
મને કશું ન થાય.

તમે મને મારી તસવીરમાં કે પોસ્ટરમાં
શોધવાનો મિથ્યા પ્રયત્ન ન કરો.
હું તો પલાંઠી વાળીને બેઠો છું
મારાં આત્મવિશ્વાસમાં –
મારા વાણી, વર્તન અને કર્મમાં.

તમે મને મારા કાર્યથી જ ઓળખો
કાર્ય એ જ મારું જીવન-કાવ્ય.
કાવ્યમાં છંદની શિસ્ત છે
લયતાલ છે.
પારણે ગીતાસાર
બારણે કર્મધાર
તમારા સૌને માટે અકારણ આર્દ્ર
કુંવારું વ્હાલ છે.

તમે મને છબીમાં નહીં
પણ પરસેવાની સોડમમાં પામો,
યોજનાના અંબારની સોડમાં વિસામો,
મારા અવાજના રણકાથી ઓળખો,
મારી આંખમાં તમારું જ પ્રતિબિંબ છે.





## દશ્ય

વૃક્ષ વૃક્ષના બાગ-બગીચે
બેસું છું એક વૃક્ષની નીચે.

હરિયાળું આ ઘાસ પવનમાં હીંચે
પતંગિયાં પાંખ ખોલે ને મીંચે
ભમરો પોતાના ગુંજનમાં
ફૂલનો આસવ સીંચે.

ઊડતાં આ દશ્યોની સાથે
આંખ મળે
ને સાંજ ઢળે
ને મારી ભીતર એક વૃક્ષ આખેઆખું ઊઘડે.

અંધકારમાં ખીલે તારલા ફૂલો જેવા
પતંગિયાંની પાંખો પહેરી હું પવનમાં તરતો
જાણે કોઈ આગિયો
ઝીણું ઝીણું તેજ લઈને ગુંજે
એક સુવાસિત ગીત.
અખિલ-નિખિલની પ્રીત લઈને
હરિયાળું આ ઘાસ પવનમાં હીંચે
મારા બાગ-બગીચે.





# દેહનું કામ દેહ કરે

દેહનું કામ દેહ કરે છે, મન કરે છે મનનું કામ.
અ-ક્ષરના ઉપવનમાં હું તો જોયા કરું છું સીતારામ.

વાણી વિના વીણા વાગે છે
ઝીણાં ઝીણાં સૂર જાગે છે.
હૈયું મારું રટ્યા કરે છે એક જ તારું નમણું નામ.
દેહનું કામ તો દેહ કરે છે, મન કરે છે મનનું કામ.

દેહ, મન ને હૃદયમાં ઊછળે ભવની ભાવક ભરતી
આંખોમાં એક સૃષ્ટિ મારી તરતી ને તરવરતી.
મારી એક અયોધ્યા; એમાં રઘુપતિ રાઘવ રાજારામ.
દેહનું કામ તો દેહ કરે છે, મન કરે છે મનનું કામ.



## નર્મદા


નર્મદા માત્ર નદી નથી
અમારી સદીસદીની સાધના છે,
અ-ક્ષર-ની આરાધના છે.

નર્મદા નકશા પરની લીટી નથી
પણ ગુજરાતની હસ્તરેખા છે.
પ્રજાની ભાગ્યવિધાતા છે.


નર્મદાના સ્વચ્છ જળ પર
મલિન ચાદર પાથરવાનો
પ્રયત્ન સુધ્ધાં કરશો
તો તમને કબીરના સોગંદ.

આ નર્મદા
ગાંધીજી, નર્મદ અને મુનશીની છે,
સરદારની સ્વપ્નસરિતા છે,
નર્મદા ગુજરાતની અસ્મિતા છે.

નર્મદા કુળદેવી છે,
નર્મદા વરદાયિની છે.







# નિખાલસ

પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉં નહીં: હું જાતે બળતું ફાનસ છું.

ઝળાઝળાંનો મોહતાજ નથી:
મને મારું અજવાળું પૂરતું છે,
અંધારાનાં વમળને કાપે:
કમળ-તેજ તો સ્ફુરતું છે.
ધુમ્મસમાં મને રસ નથી:
હું ખુલ્લો અને નિખાલસ છું.
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.

કુંડળીને વળગવું ગમે નહીં
ને ગ્રહો કને શિર નમે નહીં,
કાયરોની શતરંજ પર જીવ
સોગઠાબાજી રમે નહીં.
હું પોતે જ મારો વંશજ છું: હું પોતે મારો વારસ છું.
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.



## પડકાર

ધરાનો સાદ છે
ગગનનો સાદ છે
પથ ભૂલેલા પંથ છે.

ને પાર્થને પડકાર છે

વાડામાં વહેંચાતા માનવ
માનવ મટી થયા છે દાનવ,

હુંકાર ને હોહા તણા
ધીંગાણાં અહીં મચ્યાં ઘણાં.


અહમ્‌ની દીવાલો ઊભી
અહીં સ્વપ્નોનો સંહાર છે.

પડકાર છે, પોકાર છે.

સમતાની વાતો વાતો રહી
ને એકતા ચગદાઈ ગઈ,
બંધારણનાં બંધ બારણાં
ને વેરઝેરની ખાઈ રહી.

આંસુઓ ચોધાર છે
ને બધે અંધાર છે.

પડકાર છે, પોકાર છે.



તન ભૂખ્યાં છે, મન તૂટ્યાં છે
માણસ માણસથી રૂઠ્યા છે,

અહમ્ નહીં પણ વયમનો સાગર
ઊછળી રહ્યો છે અહો બિરાદર.

દીવાલોને તોડવા માટે
આંખોમાં અંગાર છે.

પડકાર છે, પોકાર છે.

ખંડેરમાંથી શોધો સપનાં
જીવવા માટે ઝાઝા ખપનાં

ગઈ કાલને ભૂલી જઈને
આજ હૃદયથી ખૂલી જઈને,

ક્ષિતિજો વિસ્તારી દઈને
ડૂબેલાને તારી દઈને.

એકમેકનો આધાર લઈને
ઉજમાળો અવતાર છે.

પડકાર છે, પોકાર છે.

# પતંગિયું

ફૂલ પર બેસે ત્યાં તો ઊડી જાય.
પતંગિયું પાછું રંગોમાં ડૂબી જાય.

આસપાસ સૌરભનું ઊઘડે તળાવ,
પતંગિયું તરતું જાણે કોઈ નાવ.
સુખનો કૂણો સૂરજ ઊગી જાય.
ફૂલ પર બેસે ત્યાં તો ઊડી જાય.

અદ્દભુત આ જિંદગી આવ-જાવને કારણે,
કોઈ આવીને નીસરે ને જીવે સંભારણે.
તાંતણો બંધાય તે તૂટી નહીં જાય.
પતંગિયું પાછું રંગોમાં ડૂબી જાય.



# પરિચય

સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું
શિયાળાની સવારનો સૂર્ય : ભીતરે વૈશાખી છું.

માખી થઈને જ્યાં ને ત્યાં હું
કદી ક્યાંય નહીં બેસું,
ફૂલને પડખે બેસી હું તો
પરિમલ મહીં પ્રવેશું.
મસ્ત હવાના ઝોકે ઝોકે ફૂલ-ગુલાબી છું
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.



બાગ હોય ત્યાં રાગ હોય
ને રંગરંગની લીલા,
ચીલે ચીલે ચાલું નહીં
પણ મારા વિધવિધ ચીલા.
આમ જુઓ તો ફકીર ફક્કડ: પણ મનનો નવાબી છું.
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.

પથ્થર આપે ઠેસ ને ઠોકર!
હોય અંતર ને અંતરાય,
પથ્થરમાંથી રચું પગથિયાં:
પર્વત પર પહોંચાય.
ખુદ એ મારો ખુદા સદાનો: સૌનો સાથી છું.
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.



# પારદર્શક

અમાસની રાતનું ભેદી મૌન
કે રીઢા ગુનેગારની ચુપકીદી રાખવામાં
હું ક્યારેય માનતો નથી.
જળની જેમ પારદર્શક રહેવાનો
અને વહેવાનો ઓચ્છવ શું છે
એ હું જાણું છું.

ઝાંઝવાંનાં જળ
અને
ખાબોચિયામાં દેડકાનાં
સ્વર્ગનો ભાસ
અને ભ્રમના ભેદને ભેદું છું.

ને અન્યાય સામે આંખ ઊંચકવામાં
કે ન્યાય સામે ઝૂકવામાં
માણસમાત્રને
શરમ ન હોવી જોઈએ.




# પ્રતીક્ષા

આકાશમાં પથ્થર જેવો સૂરજ ઊગ્યો.
કંતાન જેવો આખો દિવસ
સાવ ખરબચડો.
રુક્ષ હવા વૃક્ષ સાથે
વિચિત્ર રીતે વર્તે.

બપોર ક્ષયના દર્દી જેવી ખાંસે
સાંજ લાચારીથી ઢળે
અને આળોટે અંધકારના
કાળામસ કાદવમાં.

આખી રાત સૂરજમુખી
પ્રતીક્ષા કરે છે આવતી કાલના સૂરજની.
કે ક્યારે
સૂરજ ફૂલ થઈને ઊગે!





## પ્રભુ-કૃપા

હે પ્રભુ!
હું મને કે દુનિયાને
રાજી કરી શકું કે ન કરી શકું
પણ તને હું કદીયે નારાજ ન કરું.

તારી કૃપાથી કાંટાઓ ફૂલ થઈ જાય છે
કોઈ છત્રછાયા ન હોય
અને ચિક્કાર વરસાદ વરસતો હોય ત્યારે
તું તડકો થઈને પાસે આવે છે.

કોઈ પણ મોસમ ભલે આવનજાવન
કે જાવનઆવન કરે
પણ મારી ભીતરની મોસમમાં
તું મને વસંતનો અણસાર આપ્યા કરે છે.


તું મને કેટલું બધું આપે છે!
ત્યારે કોઈ દિવસ હું તને અને મને – બન્નેને
એક જ પ્રશ્ન પૂછ્યા કરું છું:
તને રાજી કરવા હું શું કરું?
અથવા શું ન કરું?

## પ્રયાસ

નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.
ઉન્નત પહાડ જેમ રહું અડીખમઃ નિર્મળ જાણે વહે નદી.

શણગારેલા શબ્દ નથી
પણ નાભિમાંથી પ્રકટી વાણી,
આ ધરતીને પ્રીત કરું છું
ગીત ગાઉં છું મૌનને માણી.
સંસ્કારોના લય-તાલમાં ગુંજી રહી છે કૈંક સદી.
નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.

મારા એક એક કર્મની પાછળ
ઈશ્વરના હોય આશીર્વાદ,
ખોટું જે નહીં કરે, કદી નહીં ડરેઃ
સઘળે ભીતર હોય સંવાદ.
આચરણ મારું વચન પ્રમાણેઃ હોય કદી નહીં બદી.
નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.



## પ્રાર્થના

માણસોનાં ટોળાં હોય કે મેળા
સ્વ-જન ને સ્નેહીજનને
પોંખું છું
મારા માળામાં.
પ્રવેશદ્વારે ટાંક્યું છે:
'સત્યનું સ્વાગત છે'.
સાચું ભલે સામું હોય
સાચું ભલે વાંકું હોય.


બગીચાની મહેક કરતાં
ખાતરની દુર્ગંધનું મહામૂલ્ય છે.
વિરોધમાંથી પણ સત્ય શોધવાની
મારી સમતા છે.

અફવાઓને ખંખેરી નાખવાનો
વિવેક પણ છે
અફવાઓથી કદી જિંદગી જિવાય નહીં.

બે અંતિમોની વચ્ચે રહેલા સત્યને પામવાની
મારી પાસે ક્ષમતા છે.
પ્રત્યેકનું સત્ય અલગ હોઈ શકે
અને હોય છે.

હું મારા સત્યની લગોલગ રહેવા માગું છું
સત્ય તો મારે માટે સૂર્ય છે
અને મારી જિંદગી ગાયત્રી-મંત્ર થઈ જાય
એવી મારી પળેપળની પ્રાર્થના છે.







## પ્રેમ

જળની જંજીર જેવો મારો આ પ્રેમ
કદી બાંધ્યો બંધાય નહીં.

કોઈ સોગંદ આપે એ મને ગમતું નથી,
પછી સંબંધમાં મન મારું રમતું નથી.
રાતભર ઝાકળ જેમ ઠરતો આ પ્રેમ
કદી ઝાલ્યો ઝલાય નહીં.

તડકો તો કોઈ દિવસ મુઠ્ઠીમાં આવે નહીં,
વહેતા પવનને કદી પિંજરમાં ફાવે નહીં.
બહુરૂપી વાદળ જેમ ફરતો આ પ્રેમ
કદી ઝીલ્યો ઝિલાય નહીં.


ધુમ્મસ તો આવે ને ધુમ્મસ તો જાય,
એનાથી સૂરજને કંઈ પણ નહીં થાય.
રાજહંસ જેવો મારો તરતો આ પ્રેમઃ
મોતીની માળામાં ઠાલો ગૂંથાય નહીં.

## મથામણ

ઊંચા પહાડને પામવા મથ્યો
પણ મળ્યા પથ્થર અંતે જી.
ખીલ્યા બાગને પામવા ગયો
પણ કંટક મળ્યા પંથે જી.

સદી સદીથી પામવી નદી
પણ મળ્યા મને પરપોટા જી,
તપતો સૂરજ દૂર રહ્યો
ને પડછાયાના ફોટા જી.

ચાંદને હું તો પામવા ગયો
પણ આભને મેં તો ખોયું જી.
સાગરનું એક મોજું શાને
કાંઠે જઈને રોયું જી.







# મધરાતે

મધરાતે કોયલ બોલે, હૃદયને ખોલે
કોયલને કહેવું પણ શું?

વહેતી કરાય નહીં અંગત કોઈ વાતને,
જ્યાં ત્યાં પથરાય નહીં જળની બિછાતને.
લાગણીને આમ કેમ ઢોળે, કોઈ ત્રાજવામાં તોલે.
કોયલને કહેવું પણ શું?

આપણી તે વેદનાને આપણે જ જાણવી,
ભરોસો મુકાય એવો ક્યાં છે કોઈ માનવી?
બંધ દરવાજા શાને ઢંઢોળે ને મૃગજળ ફંફોળે.
કોયલને કહેવું પણ શું?



# મનડું મારું

મનમાં મારા દવ લાગ્યો છે
અંગ અંગમાં આગ.
સહરાની વચ્ચે હું શોધું
મઘમઘતો એ બાગ.

સુખિયાં જોયાં, દુખિયાં જોયાં
જોયા રોગી-ભોગી
માયા જેણે છોડી
એની કાયા સદા નીરોગી.
રણઝણ રણઝણ તાર તાર પર
વણછોડાયો રાગ,
મનને મારા સમજાવું છું
જાગ હવે તું જાગ.

કંટકોને વીણી લીધા
ફૂલની જાજમ ઝીણી બિછાવી,
સુક્કી આ ધરતી પર દીધાં
મેઘધનુષને વાવી
પરસેવાનું તિલક શોધતું
મારું ભાગ્ય-લલાટ.



## મન મૂકીને સમાઈ જજો

આકાશને
પોતાની બાથમાં લેવા મથતો
ઘૂઘવતો સાગર
મારી પ્રેરણામૂર્તિ છે.
મારા યૌવનની
શક્તિ અને સ્ફૂર્તિ છે.

એ શરણાઈ પણ વગાડે છે
અને જયભેરી પણ,
કોક ડુંગરની ટોચ પરની
દેરી પણ એ બતાવે છે.

કોઈ પણ કિનારાને ગાંઠે એવો
આ સાગર નથી.
આપણી જો સ્વીકારવાની તાકાત હોય તો
આપણી હથેળીમાં
એ મૂકે છે ફીણનાં ફૂલ.
ફૂલમાં છલકે છે
મોજાંઓના બગીચાની સુગંધ.
ફૂલમાં ટપકે છે
નદીના વિલયની વ્યથા.
સાગરમાં સમાઈ ગયેલી નદીને
કદીયે અલગ કરી શકાતી નથી.

હું પહાડની જેમ ઊભો રહી શકું છું,
અને સમુદ્રની જેમ છલકાઈ શકું છું.

તમે મને
કોતરી પણ શકો અને
ખોતરી પણ શકો
જળની જેમ
બીબાઢાળે ઢાળી પણ શકો.


હાથ ધરો
સંવેદનાનું ટાંકણું
અને સ્નેહની હથોડી
ક્ષિતિજોની દીવાલ
આકાશી છત...
માનવમહેરામણ
હરીભરી સૃષ્ટિ
મારા ઘરનો આકાર
મારા મનનો વિસ્તાર
સમસ્ત સૃષ્ટિ.



## મંત્ર

શરદની રાત... રેતીનું રણ
રેતીના કણેકણ જાણે સુવર્ણની રજકણ
ક્ષણેક્ષણનું આ સૌંદર્ય
એનો સંબંધ આપમેળે શાશ્વતી જોડે જોડાય છે.

વહી જતી આ જિંદગીમાં પ્રત્યેક પળ આવે છે જાય છે
વહેતું પાણી
ટપકતી રોશની
હવાની લહર
ફૂલોની ખુશબૂ
બળતો દીવો
– બધાની અનુભૂતિ થાય છે;
પણ આ જિંદગી જે આવનજાવન કરતી રહી
એનું સરનામુંયે ખબર નથી અને પૂછ્યું પણ નથી.



ગઈ કાલની સાંજે જિંદગી થંભી પણ ગઈ હોત
વીતેલી પળને પણ જીવી શકાય છે
આવતી પળમાં આશાનો દીવો પ્રગટાવી શકાય છે
અંધારું પણ રોશનીને ચૂમી શકે છે
વહેતી જિંદગીની પળ પણ રોકાઈ શકે છે.

કેટલીક પળ પૂરતો જિંદગીને મળ્યો તો ખરો
કેટલીક ક્ષણ જીવ્યો તો ખરો
ચાલતાં ચાલતાં થોડીક પળ રોકાઈ તો ગયો.

પ્રત્યેક શ્વાસમાં સુગંધ છે
પ્રત્યેક વાતમાં પ્રેમ છે
વીતેલી સાંજની યાદ છે
થંભેલાં આંસુમાં વહેવાની આશા છે
સૂતેલાં સપનાંમાં નવી સવાર છે.

યંત્ર જેવી જિંદગીમાં
પામેલો સૌંદર્યનો અવનવો મંત્ર!



## માડી મને દૈવત દેજે

હું તો કાળજાની કોટડીમાં બેઠો છું મા.
મા મને કહેજે તું ખમ્મા ખમ્મા.
મને દૈવત દેજે
મને કૌવત દેજે
મને દેજે તું સત
કે રાખું હું પથ
મારું એક જ આ વ્રત
મને તારી ચાહત
મને તારી રાહત
માડી મને દૈવત દેજે, મને કૌવત દેજે.

હું તો કાળજાની કોટડીમાં બેઠો છું મા.
રાગને મેં ત્યાગ્યો
વિરાગને મેં માગ્યો
નથી ફૂલોની માયા
નથી સૌરભની છાયા
તારી તે સંગમાં કેટલાયે રંગ
મને પોતાના લાગે નહીં લાગે પરાયા
મને આપે છે શાતા એક તું મારી માતા.
માડી મને દૈવત દેજે, મને કૌવત દેજે.

મારો શૂરાનો પંથ છે
તારું વહાલ તો અનંત છે
મારા ભવના સાગરમાં એક તારો છે ભાવ
મારા ભવના સાગરમાં એક તારી છે નાવ
દરિયો પણ કોઈ દિવસ ડૂસકાં ભરે
ને ત્યારે પણ બોલું નહીં કદીયે અરે!
માડી મને દૈવત દેજે, મને કૌવત દેજે.


બાગને બગીચા કદી સુકાઈ જાય
ફૂલડાંઓ આપમેળે કરમાઈ જાય
માળી પણ પોતે જો શરમાઈ જાય
ત્યારે તું આંસુડાં સીંચી દેજે
અવગુણ પર આંખ તારી મીંચી દેજે.
ફૂલના એક હારને એવો તું ગૂંથ
કે એમાંથી પ્રગટી રહે ઈશ્વરનું રૂપ.
માડી મને દૈવત દેજે, મને કૌવત દેજે.


## માયા

મને કોરા કાગળની માયા.
કોરા કાગળના કાળજામાં જુઓ તો
કેટલાયે ચહેરા લપાયા.

કોરા કાગળમાં વાદળનો ચહેરો
ને વાદળ વરસે તો લીલુંછમ ઘાસ,
ક્યાંક ક્યાંક દેખાય છે વૃક્ષો ને પહાડ
અને આંખોને સંભળાયો પવનનો શ્વાસ.
કોઈ નથી પારકાં-પરાયાં અમે મૌનમાં પણ એવા છવાયા.

ભમરા, પતંગિયાં ને અલખના આગિયા
બાંધે છે પર્ણકુટિ એક,
કાગળને સૂંઘું તો એમાંથી આવે છે
પ્હેલા વરસાદની મ્હેક.
મને મળી ગઈ મુલાયમ છાયા.
હું તો અણદીઠના ઓઢું પડછાયા.





## મેળામાં મળવા દો

ટોળાનું મેળામાં રૂપાંતર કરવું
એ છે મારો જીવનધર્મ
– મારું જીવનકર્મ.

મેળામાં માણસ હળતો હોય છે
મળતો હોય છે
સમયને સોહામણો કરતો હોય છે.

હું 'છે'નો માણસ છું
'નથી નથી' પર છેકો મૂકું,
કોઈક ઇમારત પડતી હોય
તો ટેકો મૂકું.

માનવની પાછળ માધવ છે
ને રાઘવ છે.
મારી પાસે વાંસળી છે
ને શિવ-ધનુષ્ય.
ઈશ્વર ને શયતાનની વચ્ચે
હું તો મારે રહું મનુષ્ય.
મનુષ્ય થવું એ જ મોટી વાત.

પૃથ્વીમાં હું જોઉં સ્વર્ગને
મારી એ જ મિરાત.
ટોળાને ટળવા દો
મેળામાં મળવા દો.



## યાત્રા

દૂર દૂરના ભૂતકાળમાં હું જઈ શકું છું
અને એક એક ચહેરાને સ્પષ્ટપણે ઓળખી શકું છું.
કોઈ તણાવ સાથે સ્મૃતિને ખેંચવી પડતી નથી
સહજ બધું દેખાઈ જાય છે, ઓળખાઈ જાય છે,
કશુંય અળપાઈ નથી જતું.
સાવ સાદીસીધી વાત આટલી જ
કે જેમની સાથે સહન કર્યું હોય
એ કદી ભુલાતા નથી
અને સાથે વેઠેલી
યાતના છેવટે તો યાત્રા થઈ જાય છે.



## રહસ્ય

રાતનો
કાળો બુરખો પહેરીને ઊભેલાં
વૃક્ષો મારે જોવાં નથી.

મારે તો જોવાં છે વૃક્ષો
સૂર્ય-પ્રકાશમાં ઊભેલાં
ભરબપોરનો તડકો ઝીલતાં
ફૂલોથી ખીલતાં અને પંખીઓથી મહેકતાં.
મારે વૃક્ષોને જોવાં છે.

સવારનાં વૃક્ષોની ખુશી
બપોરનાં વૃક્ષોના યૌવનનો ઉન્માદ
અને સાંજનાં વૃક્ષોનું શાણપણ –
મારે મારી રગેરગમાં જાળવી લેવું છે.

વૃક્ષો: મારા આત્માનો અણસાર
પડછાયામાં પોઢે
બળતા બપોરનો શ્વાસ
મારો પડછાયો ઓઢે
પામું પવનનો પરસાદ
ઝીલું ઝીણો ઝીણો વરસાદ.

વૃક્ષો: મારા અસ્તિત્વનો પર્યાય
મારું રહસ્ય.






## રમેશ પારેખ

આ મનપાંચમના મેળામાં અમાસના ઓથાર પડ્યા છે.
સપનાંનાં વાવેતર પહેલાં પાનખરના પગ અહીં નડ્યા છે.

ભરબપ્પોરે રાત ઊગી છે, આંખોમાં અંધાર ભર્યો છે,
રમેશ વિના જીવ આ મારો સહેજ ઝૂર્યો છે.
કાળ હવે વિકરાળ થયો છે, આંસુઓ પણ મૂંગા નડ્યા છે.

રમેશના અક્ષરને હું તો નક્ષત્રોનું નામ આપું છું,
અમરેલીને યાદ કરીને કવિતાનું હું ગામ આપું છું.
આપણે કોને બતાવીએ કે ઉઝરડા અહીં કેવા પડ્યા છે.

આંખ વિનાનાં ચશ્માંમાં રમેશ જેવું દેખાય મને,
શબ્દોનો આધાર લઈને પહોંચવું છે કવિતા કને.
રમેશના ફોટાને અમે ફ્રેમમાં પાછા હવે જડ્યા છે.





## લક્ષ્યને પામવા

લક્ષ્યને પામવા
સ્વયંને ભૂલતો
દોડતો ને કૂદતો
ને ક્યારેક
ડગમગતો પણ...
રક્ત સિંચિત
પથ પર ડગ માંડતો
અને
લાલ-ચટક
પદચિહ્નો જોઈ
અશ્રુમિશ્રિત સ્મિત વેરતો
પુરોગામીઓની
રુધિરશય્યા પરથી
પરાવર્ત થતાં સૂર્યકિરણો
સૂર્ય કિરણોની તેજસ્વિતા
મારા સ્મિતને તેની લાલીને
ઝાંખા પાડતા
અને ત્યારે મારો
'હું' લોપાઈ જતો
લક્ષ્ય નિકટ લાગતું
ગતિ તેજ થતી.



# વંદે માતરમ્

વંદે માતરમ્...
– એ ગાન નથી,
આ શાન, બાન ને આન આપણી,
આઝાદીના મહાયજ્ઞની આહુતિ આ,
રાષ્ટ્રભક્તિની અહાલેક આ,
ગણતંત્રના ઉરતંત્રનો મહામંત્ર આ,
વિકાસની આ સતત ધબકતી
    અણનમ ઓળખ રહે આપણી...

૧૮૫૭નો પ્રકાશપુંજ આ,
સત્ય કાજે
રક્તનો અભિષેક
        અવિરત...

વંદે માતરમ્...
– એ શબ્દ નહીં,
આ મંત્ર આપણો,
આઝાદીની ઊર્જાનો ધબકાર આપણો,
વિકાસનો આ રાજમાર્ગ છે,
સંકલ્પિત આ રાષ્ટ્રજીવનનો મહામાર્ગ છે,
પ્રજાજીવનની
પ્રત્યેક પ્રભાતની
પ્રબુદ્ધ ચેતનાનો સ્વર આ છે.
વંદે માતરમ્...



# વિષમ અને વિચિત્ર

ચંદ્ર ઊગે
અને દરિયો ઊછળે નહીં
સૂરજ ઊગે
અને સૂરજમુખી મલકાય નહીં
નદી પોતે
સમુદ્રને મળવાની ના પાડે
ફૂલ ખીલે
અને ભમરો ગુંજવાનું છોડી દે
ઘંટ રણકે
ને દેવાલય ઊઘડે નહીં
દીવો પ્રગટે
ને મંદિર ઝળહળે નહીં.

પ્રેમ આટલો વિષમ અને વિચિત્ર
હોઈ શકે ખરો?

પરાજયની રાત ડૂબી ગઈ
ઊગ્યું વિજય પરભાત.
પ્રભાતને ઊજવી નાખો આજ
આપણી ઊજળી આવતી કાલ
તિમિરની તૂટી તોતિંગ દીવાલ.
ઊગ્યું આજે શૌર્ય પ્રભાત.

હવે સૌ લિયો શપથનો પથ
આપણો રણવીર રણધીર રથ
સ્વમાં ઝીલો સર્વ કોઈને
ફગાવી દિયો નિજ સ્વારથ
ફૂલ ને ફોરમ છે રળિયાત.
ઊગ્યું આજે શૌર્ય પ્રભાત.

હવે વ્યથાની કથા નથી
કે નથી શોક-સંતાપ
વાવાઝોડું દૂર ગયું
ને નભનો વિશાળ વ્યાપ
કંટક સંકટ દૂર થયાં
ને ફૂલની ભયી બિછાત.
ઊગ્યું આજે શૌર્ય પ્રભાત.

ઉમંગ ઊછળે વ્યોમ-ભોમમાં
સુગંધ સ્વપ્નની રોમરોમમાં
રામભરોસો રાખો હૈયે
કોઈ નથી કચવાટ.
ઊગ્યું આજે શૌર્ય પ્રભાત.



## વ્યથાને વહેવા દેજો

વ્યથાને વહેવા દેજો, આંસુને સરવા દેજો.
ફૂલ ખરે તે ખરવા દેજો, ધૂળમાં એને ઠરવા દેજો.

સપનાંઓ ભીંજાઈ ગયાં છે
કારણ વિના ગંઠાઈ ગયાં છે.
આંખને ઝરૂખે બેઠેલાં આંસુને ચાતકની જેમ નીરખવા દેજો.
વ્યથાને વહેવા દેજો, આંસુને સરવા દેજો.

પલ છલકે ને આશા મલકે
અણજાણ્યા કોઈ હૃદય-ઉમળકે.
મારી આંખોના સરવરમાં હંસોને વિહરવા દેજો.
વ્યથાને વહેવા દેજો, આંસુને સરવા દેજો.

સુખદુઃખનાં આ સમણાં એ તો અલકમલકની માયા,
હું તો મારે ઓઢી લઉં છું દળ-વાદળની છાયા.
ઘેરાયાં વાદળને સાજન મનભર તમે વરસવા દેજો.
વ્યથાને વહેવા દેજો, આંસુને સરવા દેજો.




## શબ્દો

મારા શબ્દો ખડક છે
વહેતા શબ્દો કલરવ કરતું પાણી.
એકમેકને માટે પૂરક ખડક-નદીની વાણી.

એકમેકની સાથે તોયે
અલગ હોય સથવારો,
આપણે માટે ક્યાંક ઝૂરે છે
અનંતનો ઓવારો.
કથાકથનનો રાજા છું ને તું દંતકથાની રાણી.

એક નદીને બે કિનારા
એક તારો, એક મારો,
કાળ નિરંતર વહેતો રહે છે
જાણે હોય વણજારો.
કથા-વ્યથાને જાણી તોયે રહી સદા અણજાણી.







DEEPA
ANITURAHUL. NEHA
N.S.T.
J.P
SURESH
S.K
SACHITA
S.J
M.B

## સનાતન મોસમ

રોજ રોજ આ સભા, આ માણસોની મેદની
ટોળે વળતાં કૅમેરા-મૅન
આંખને આંજી દેતો ધોધમાર પ્રકાશ
અવાજને ઍન્લાર્જ કરતું આ માઇક
– આ બધાથી ટેવાઈ નથી ગયો
એ પ્રભુની મહેરબાની.

હજી પણ મને વિસ્મય થાય છે
કે ક્યાંથી પ્રકટે છે આ શબ્દોનો ધોધ?
ક્યારેક અન્યાય સામે
મારા અવાજની આંખ ઊંચી થાય છે
તો ક્યારેક શબ્દોની શાંત નદી
નિરાંતને જીવે વહે છે,
ક્યારેક વહે છે શબ્દોનો વાસંતી વૈભવ.
શબ્દો આપમેળે અર્થના વાઘા પહેરી લે છે
શબ્દનો કાફલો વહ્યા કરે છે
અને હું જોયા કરું છું એની ગતિ.

આટલા બધા શબ્દોની વચ્ચે
હું સાચવું છું મારું એકાન્ત
અને મૌનના ગર્ભમાં પ્રવેશી
માણું છું કોઈ સનાતન મોસમ.



# સપનાંનાં બીજ

હું પથ્થરને પથ્થર જ કહું છું
અને જળને જળ,

હું નરી વાસ્તવિકતાનો માણસ છું.
આકાશને જોઉં છું
અને મેઘધનુષ પર મોહું છું,
પણ મારું ઘર
મેઘધનુષ પર બાંધતો નથી.

મેઘધનુષી રંગનાં મારી પાસે
સપનાં છે
ને આ સપનાં રોમૅન્ટિક નથી
પણ જીવનભરનાં તપનાં છે.

તમને સપનાં હોય કે ન હોય
પણ સપનાંનાં બીજને
હું મારી ધરતીમાં વાવું છું
અને પ્રતીક્ષા કરું છું પરસેવો સીંચીને
કે એ અંકુરે અને એનું વટવૃક્ષ થાય;
પછી કોઈ વિરાટપુરુષના બાહુ જેવી
ડાળીઓ ફેલાય
પંખીઓ માળો બાંધે
અને આકાશને આંબવા લાગે
એમના કંઠથી નદીના વહેણ જેવા
ગીતના ઈશ્વર જેવા સ્વર લહેરાય.

# સમન્વય

રાતના ગર્ભમાંથી પ્રકટેલા દિવસને કહું છું:
'આવ, મારી પાસે બેસ'
તારા પ્રત્યે પૂર્ણ વહાલથી હું છલકાઉં છું
અને તારા જન્મથી મનોમન મલકાઉં છું.
મને જાણ નથી
કે આપણા બન્નેમાંથી કોણ કોને ઉછેરે છે?
પણ એટલી સમજ છે
કે આપણે બન્ને એકમેક સાથે
કાંટાઓની પરવા કર્યા વિના
ફૂલની જેમ વિકસિત અને સુરભિત થઈએ છીએ.
દિવસની ડાળી પર માત્ર ફૂલ નથી ખીલતાં
પંખીના ટહુકાઓ પણ મ્હેકતા હોય છે.
ટહુકાને આકાર નથી હોતો સુવાસની જેમ
પણ એની હોય છે નિરાકાર ગતિ.
સ્થિતિ અને ગતિનો સમન્વય
એ જ મારી સાધના.
ચાલ, આપણે બન્ને
આ સાધનાના વરદાનથી
જેટલું જિવાય એટલું
જીવભરીને જીવી લઈએ.'







## સાગર-ખેડુ

દરિયાદિલી
ઝિંદાદિલી
હલેસાં છે
અમારી જિંદગીનાં.
તારામંડળ
ચંદ્રકલા
આકાશી ગુરુજનો
અમારા પથદર્શક.

દરિયામાં પાડી તિરાડ
દેશના ભાગલાની
ક્યાં છે ખબર
આકાશી ગુરુજનોને.
દીવાલ વગરના દરિયામાં
શું હિન્દુસ્તાન શું પાકિસ્તાન
સરહદ પાર કર્યાની
આ તો રોજેરોજની સજા.

કોઈ આવે કે ન આવે
કોઈ છોડાવે કે ન છોડાવે
પણ
દિલમાં તો દેશદાઝ
દરિયામાં જલતી આગ જેમ.



## સંકલ્પ

ક્યારેક ઊગે છે
આગઝરતો સૂરજ,
ઊનો ઊનો દિવસ
દાઝું તો છું
આગઝરતા આભમાં
શીતળ તળની શોધ
કિરણોના તીરને ઉતરડું
છાયા-પડછાયાની
ભુલભુલામણી વીંધું
વિકલ્પોની વણજારમાં
અકલ્પ્ય સંકલ્પને પામું

સંકલ્પનો પ્રકાશ
સંકલ્પની ઊર્જા
સંકલ્પની ઊર્મિ
સંકલ્પનો સંગાથ
ઊગતી સાંજ
ગોધણની રજ
આજ તો છે
ધીમંતની આભા
અને શ્રીમંતની શોભા
અવતાર ઓશિયાળો હોતો નથી.
અને લાચારી મારા લોહીમાં નથી.

# સ્મરણ

ઝાંખાપાંખા સ્મરણના દીવા
નીકળ્યા અંધારાને પીવા.
અંધારું એવું તો ઘનઘોર
અંધારું પીધું નહીં પિવાય.

ઝાડ પરથી આ પાન ખરે
તેમ સ્મરણ ખરે છે...
સ્મરણનું ખરવું એટલે શું?
સ્મરણને ભરવું એટલે શું?
સ્મરણનું ગજું કેટલું હોય?

સ્મરણમાં રણના દરિયા ઊછળે
સ્મરણની વૈશાખી બપોર
સ્મરણને નખ નથી પણ નહોર
સ્મરણના દીવા બુઝાવી નાખો
સ્મરણની કાપી નાખો પાંખ
સ્મરણ તો ઠેલ્યાં નહીં ઠેલાય
સ્મરણની ફોડી નાખો આંખ.



જીભને કાપી નાખી
ને આ હોઠને નહીં સિવાય
સ્મરણને અંધારાંઓ આવે
સ્મરણ તો અંધારે અટવાય
સ્મરણથી કંઠ મારો રૂંધાય
સ્મરણથી જીવતર આ પીંજાય.

સ્મરણનાં અનેક રંગ ને રૂપ
સ્મરણ તો છાંય, સ્મરણ તો ધૂપ.
સ્મરણને પગરવ નહીં
સ્મરણને પગરણ નહીં.
સ્મરણને શું સૂર્યોદય ?
સ્મરણને શું સૂર્યાસ્ત ?

સ્મરણને મરણ કેવું ?
સ્મરણને શરણ કેવું ?
સ્મરણને નથી ખોળિયું
સ્મરણને નથી ખોરડું
સ્મરણનું વહેતું ઝરણું
સ્મરણથી જીવન તરતું.





# હિંદુ હિંદુ મંત્ર

અત્ર તત્ર સર્વત્ર સદાયે હિંદુ હિંદુ એક મંત્ર
બિંદુ બિંદુ એક મંત્ર
સિંધુ સિંધુ એક મંત્ર
આ મંત્ર છે મોતી જેવો
અંધકારમાં જ્યોતિ જેવો.
અમે અજવાળાં પાથરશું
જગમાં અજવાળાં પાથરશું
ઊંચનીચના ભેદ ટાળીને
પોતાનો પિંડ ઓગાળીને
સમાજ પુરુષને સ્મિત દઈને
પુરુષાર્થનું ગીત દઈને
મનમાં મંદિર રચશું.
અમે અજવાળાં પાથરશું.
કોઈ નહીં શત્રુ: બધા છે મિત્ર
આપણું આવું હોય ચરિત્ર.
વિસંવાદને ટાળી દઈને
સંવાદ નવો સરજશું.
અમે અજવાળાં પાથરશું
અન્નવસ્ત્ર સંસ્કાર સુવિધા
સહજપણે અહીં સુલભ હશે
લીલીછમ અહીં હશે ધરા
ને તારાભર્યું કોઈ નભ હશે
એકતા, સમતા, મમતાને
અમે જતન કરી જાળવશું.
અમે અજવાળાં પાથરશું.

## અગિયારમી દિશા

નિર્ભય ચિત્ત
લયાન્વિત ગીત
પ્રાણબદ્ધ નિરામય પ્રીત
સ્વપ્નશીલ સ્મિત
પવન પુલકિત
જળ અખંડિત
આકાશ સુવાસિત
પલપલને પાવકથી કરે પુનિત

પૃથ્વી સ્નેહલ સુગંધિત
પરમેશ્વર મારો મીત
હું નીરખ્યા કરું છું નિત
નહીં અનાગત, નહીં અતીત
કેવળ સાંપ્રતની ક્ષણથી અંકિત
નહીં કોઈ રસમ, નહીં કોઈ રીત
નીરવ મૌન આ થાય મુખરિત

દશે દિશાની પેલે પાર
અગિયારમી દિશામાં બજે સંગીત.







# પ્રથમ-પંક્તિ સૂચિ


અજવાળાની આશા લઈને અંધારા ઉલેચ્યા (આશ) . . . . . . . . . . . . . . . . . . २६~२७
અત્ર તત્ર સર્વત્ર સદાયે હિંદુ હિંદુ એક મંત્ર (હિંદુ હિંદુ મંત્ર). . . . . . . . . . . . . . १२६~१२७
અમાસની રાતનું ભેદી મૌન (પારદર્શક) . . . . . . . . . . . . . . . . . . . . . . . . ७२~७३
અમે જિંદગીના જિગરી યાર છીએ (અમે). . . . . . . . . . . . . . . . . . . . . . . . १४~१५
અંતમાં આરંભ અને આરંભમાં અંત (ટહુકે વસંત) . . . . . . . . . . . . . . . . . . . . ५६
અંધકારના કાળા કાગળ પર (અચાનક). . . . . . . . . . . . . . . . . . . . . . . . . १२~१३
આકાશને પોતાની બાથમાં લેવા મથતો (મન મૂકીને સમાઈ જજો) . . . . . . . . . . ९०~९१
આકાશમાં પથ્થર જેવો સૂરજ ઊગ્યો (પ્રતીક્ષા). . . . . . . . . . . . . . . . . . . . . . ७४~७५
આ મનપાંચમના મેળામાં અમાસના ઓથાર પડ્યા છે (રમેશ પારેખ). . . . . . . . . . १०३
આ સૂર્ય મને ગમે છે (જાણ્યું નથી). . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ५२~५३
આ હતું તે હતું (આજ). . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . २०~२१
ઊંચા પ્હાડને પામવા મથ્યો (મથામણ). . . . . . . . . . . . . . . . . . . . . . . . . ८४~८५
ઊંડી, ભૂંડી ખાઈ પડી છે! (ગુલછડી) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ४९
કાયા છોડો, માયા છોડો (છોડો) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ५१
કારગિલ પહેલાં પણ ગયો હતો (કારગિલ). . . . . . . . . . . . . . . . . . . . . . . ४०~४१
ક્યારેક ઊગે છે આગઝરતો સૂરજ (સંકલ્પ) . . . . . . . . . . . . . . . . . . . . . . १२२~१२३
ગઈ કાલના રસ્તાનો આવી ગયો અંત (આખું વિશ્વ). . . . . . . . . . . . . . . . . . १८~१९
ગાય તેનો ગરબો ને ઝીલે તેનો ગરબો (ગરબો) . . . . . . . . . . . . . . . . . . . ४६~४७
ગોધણની ધૂળ સાંજના સૂર્યના શ્વાસને ક્યાં સુધી રૂંધશે? (ગતિનું ગીત). . . . . . ४४~४५
ચંદ્ર ઊગે અને દરિયો ઊછળે નહીં (વિષમ અને વિચિત્ર). . . . . . . . . . . . . . . १०८~१०९
જળની જંજીર જેવો મારો આ પ્રેમ (પ્રેમ) . . . . . . . . . . . . . . . . . . . . . . . ८२~८३
જળને તમે પથ્થર કહેતા હો (તમને મુબારક). . . . . . . . . . . . . . . . . . . . . ५७
'જૂઠ બોલે કૌઆ કાટે' (ખુમારી) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ४३
ઝાંખાપાંખા સ્મરણના દીવા (સ્મરણ) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . १२४~१२५
ટોળાનું મેળામાં રૂપાંતર કરવું (મેળામાં મળવા દો) . . . . . . . . . . . . . . . . . ९८~९९
તારા વિષે જાણ્યું (આક્રંદ) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . १६~१७
દરિયાદિલી જિંદાદિલી હલેસાં છે અમારી જિંદગીનાં. (સાગર-ખેડુ). . . . . . . . १२०~१२१
દૂર દૂરના ભૂતકાળમાં હું જઈ શકું છું (યાત્રા) . . . . . . . . . . . . . . . . . . . . १००~१०१
દેહનું કામ દેહ કરે છે, મન કરે છે મનનું કામ (દેહનું કામ દેહ કરે). . . . . . . . ६०~६१
ધરાનો સાદ છે (પડકાર) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ६६~६७
નર્મદા માત્ર નદી નથી (નર્મદા). . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ६२~६३
નિર્ભય ચિત્ત લયાન્વિત ગીત (અગિયારમી દિશા) . . . . . . . . . . . . . . . . . . १२८~१२९
નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી (પ્રયાસ). . . . . . . . . . . . . . . ७८~७९
નીંદરની ચાદર ઓઢીને (ઊઠો વીર) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ३२~३३
પતંગ.... મારે માટે ઊર્ધ્વગતિનો ઓચ્છવ (ઓચ્છવ) . . . . . . . . . . . . . . . . . ३८~३९
પરાજયની રાત ડૂબી ગઈ ઊગ્યું વિજય પરભાત (વિસ્મયનું પરોઢ) . . . . . . . १९०~१११
પંખીના પીંછામાં આવેલું ગીત (ગીતમાં) . . . . . . . . . . . . . . . . . . . . . . . ४८
પૃથ્વી આ રમ્ય છે (ધન્ય) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . १०~११
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ? (નિખાલસ) . . . . . . . . . . . . . . . . . . . . . . ६४~६५
ફૂલ પર બેસે ત્યાં તો ઊડી જાય (પતંગિયું) . . . . . . . . . . . . . . . . . . . . . . ६८~६९
બોલવાનું હોય ત્યાં બોલે નહીં ને નહીં બોલવાનું બોલે (એવા માણસ) . . . . . . . ३६~३७
મધરાતે કોયલ બોલે, હૃદયને ખોલે (મધરાતે). . . . . . . . . . . . . . . . . . . . . ८६~८७
મનમાં મારા દવ લાગ્યો છે (મનડું મારું) . . . . . . . . . . . . . . . . . . . . . . . ८८~८९
મને કોરા કાગળની માયા (માયા) . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ९६~९७
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું (ગૌરવ) . . . . . . . . . . . . . . . . . ५०
માણસોના ટોળાં હોય કે મેળા (પ્રાર્થના) . . . . . . . . . . . . . . . . . . . . . . . ८०~८१
મારા શબ્દો ખડક છે વહેતા શબ્દો કલરવ કરતું પાણી (શબ્દો) . . . . . . . . . . ११४~११५
મારી આસપાસ દોરો એક શબ્દનું વર્તુળ (ક્રિયાપદ). . . . . . . . . . . . . . . . . . ४२
રાતના ગર્ભમાંથી પ્રકટેલા દિવસને કહું છું (સમન્વય) . . . . . . . . . . . . . . . . ११९
રાતનો કાળો બુરખો પહેરીને ઊભેલાં (રહસ્ય) . . . . . . . . . . . . . . . . . . . . १०२
રોજ રોજ આ સભા, આ માણસોની મેદની (સનાતન મોસમ). . . . . . . . . . . . . ११६~११७
લક્ષ્યને પામવા સ્વયંને ભૂલતો (લક્ષ્યને પામવા). . . . . . . . . . . . . . . . . . . . १०४~१०५
વસુધાની છે વસમી વેળા (ઊઠો લાલ! વિજય વધાવો) . . . . . . . . . . . . . . . . ३०~३१
વંદે માતરમ્... – એ ગાન નથી (વંદે માતરમ્) . . . . . . . . . . . . . . . . . . . . १०६~१०७
વૃક્ષ વૃક્ષના બાગ-બગીચે (દશ્ય). . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ५९
વ્યથાને વહેવા દેજો, આંસુને સરવા દેજો (વ્યથાને વહેવા દેજો) . . . . . . . . . . ११२~११३
શરદની રાત... રેતીનું રણ (મંત્ર). . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ९२~९३
સફળ થયા તો ઈર્ષાપાત્ર: નિષ્ફળ થયા તો દયાપાત્ર (છત્તરછાયા) . . . . . . . . . ५४~५५
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું (પરિચય). . . . . . . . . . . . . . ७०~७१
સમી સાંજની વેળાઃ આપણે રમતારામ અકેલા (આપણે). . . . . . . . . . . . . . . . २२~२३
સંબંધો આવે આવે ને વહી જાય (એકાદું આંસુ) . . . . . . . . . . . . . . . . . . . . ३४~३५
સોળ વર્ષની રૂપાળી કન્યા જેવી નદી (આફત). . . . . . . . . . . . . . . . . . . . . २४~२५
હું તો કાળજાની કોટડીમાં બેઠો છું મા (માડી મને દૈવત દેજે) . . . . . . . . . . . ९४~९५
હું પથ્થરને પથ્થર જ કહું છું (સપનાંનાં બીજ) . . . . . . . . . . . . . . . . . . . . ११८
હું મારી તસવીરમાં છું અને નથી (તસવીરની પાર) . . . . . . . . . . . . . . . . . . ५८
હૂંફ વિના તો માણસ જેવો માણસ અહીંયા હાંફે છે (ઉષ્માનો અભાવ) . . . . . . . २८~२९
હે પ્રભુ! હું મને કે દુનિયાને (પ્રભુ-કૃપા) . . . . . . . . . . . . . . . . . . . . . . . ७६~७७



મારા દેશને પ્રેમ કરે તે મારો પરમાત્મા!



ISBN 81-7997-234-8
9788179972342
Rs. 500